# शील श्रुतम्

सरदार पटेल विश्वविद्यालयनुं मासिक वृत्तपत्र

वर्ष : १८ अंक : ७ १५-२-२००८ सळंग अंक : २०७

संपादको

**परम पाठक + मदन मोहन शर्मा + निरंजन पटेल + सोनलदे देसाई + उज्जवल त्रिवेदी + मनीष सोलंकी**


## सम्पादकीय

### साक्षरता के बुनियादी मूल्य...

जगत के अनुभवों से निरन्तर और आजीवन गुजरते हुए व्यक्ति एक तरफ अपने-आपको वैचारिक रूप से परिपक्व करता रहता है तो दूसरी तरफ ज्ञान और विवेक हासिल करने का संतोष भी पाता रहता है। इस प्रक्रिया के बीच एक अत्यन्त ही महत्वपूर्ण बात उसका साक्षर और शिक्षित होना है। मोटे तौर पर शिक्षा हासिल करने के लिए साक्षर होने को अथवा अक्षर-ज्ञान को बुनियादी जरूरत के तौर पर देखा जाता है परन्तु महज अक्षर-ज्ञान ही समग्र रूप से साक्षर तथा शिक्षित होने का आधार नहीं है। उसके साथ-साथ ज्ञानार्जन के कुछ बुनियादी मूल्यों को भी नजरन्दाज नहीं किया जा सकता। यद्यपि अनुभव के बल पर हासिल किए गए ज्ञान को अक्षरज्ञान अथवा कहें कि किताबी ज्ञान से ज्यादा महत्त्व दिया गया है - 'पोथी पढ़ि-पढ़ि जग मुआ, पंडित भया न कोय। ढाई आखर प्रेम का पढ़े सो पंडित होय।' मध्यकाल के संत कवि कबीर की सीधी-सादी और दो-टूक शैली में कही गई यह पंक्तियाँ संभवतः साक्षर होने का मतलब स्पष्ट करने में पूरी तरह से सक्षम हैं। साथ ही, यह बात भी आइने की तरह साफ हो जाती है कि साक्षर होने अथवा पोथी-ज्ञान से पहले भी कुछ बुनियादी मूल्य हैं जो सही अर्थों में ज्ञान की व्याख्या करने के लिए आवश्यक हैं।

सामान्य रूप से यह धारणा है कि पोथियों से गुजरने के लिए अक्षरज्ञान होना जरूरी है लेकिन सही मायनों में साक्षर होने की धारणा यहीं पर पूरी नहीं हो जाती। दूसरे शब्दों में कहें तो सद्विवेक के अभाव में साक्षर होने का कोई मतलब नहीं रह जाता और दूसरी तरफ निरक्षर व्यक्ति भी यदि सद्विवेकी हो तो वह भी एक प्रकार से साक्षर ही है। स्पष्ट है कि साक्षर होने का बुनियादी मूल्य ही सद्विवेक है, जिसके अभाव में साक्षर होना केवल एक औपचारिकता जैसा है। इसके चलते शिक्षा एक प्रकार का बोझा भी प्रतीत होगी। अक्षर-ज्ञान एक ऐसा माध्यम है जिसके बिना भी सदाचार-सद्विवेक संभव है, जबकि इनके अभाव में साक्षर होना भी अर्थहीन होगा। यह नितान्त सही है कि ज्ञान के असीम क्षितिजों तक पहुँचने के लिए अक्षरज्ञान अथवा पोथियाँ जरूरी हैं लेकिन केवल पोथी-ज्ञान ही साक्षरता का बुनियादी मूल्य है, ऐसा नहीं कहा जा सकता। उसके साथ-साथ वैचारिक रूप से बहुत कुछ अर्जित करना भी उतना ही महत्वपूर्ण हो जाता है। जाहिर है कि साक्षरता का बुनियादी मूल्य पोथी-ज्ञान से कुछ मायनों में अलग है। उसका स्वरूप जनलक्षी, जगतलक्षी और समाजलक्षी है। जब तक हम शिक्षा को केवल औपचारिक अर्जन (ज्ञानार्जन) तक सीमित रखेंगे तब तक साक्षरता का कोई सकारात्मक अर्थ नहीं होगा और जब हम अक्षरज्ञान को जीवन के उदात्त ध्येयों या मूल्यों से जोड़ेंगे तो साक्षर होने का आशय भी उच्च-उदात्त होगा। कारण कि, शिक्षित होने के समानान्तर ही दीक्षित होने का भी अपना अलग अस्तित्व होता है। अस्तु, दोनों का संगम भी उतना ही महत्वपूर्ण है। संभवतः यही साक्षरता का बुनियादी आधार भी है। पढ़ना और गुनना के बीच का फर्क भी इस सिद्धान्त की पुष्टि करता है। दोनों का सुन्दर तालमेल हो तो 'सोने में सुहागा' होगा।

**- मदनमोहन शर्मा**

**तमे एक पण चोपडी न वांचो तो चाले. चारित्र्य खील्युं हशे तो बुद्धि तो खूब खीलवानी छे.**

**- सरदार पटेल**

## Teaching - Learning

**એ.આર. કોલેજ ઓફ ફાર્મસી અને જી.એચ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી**નાં વિદ્યાર્થીઓએ નિરમા યુનિવર્સિટી, અમદાવાદ અને રમણભાઈ બી. પટેલ કોલેજ ઓફ ફાર્મસી, ચાંગા, જીલ્લો-આણંદ ખાતે યોજાયેલી અનુક્રમે રાજ્યકક્ષાની અને રાષ્ટ્રિય કક્ષાની વિવિધ હરિફાઈઓમાં ભાગ લીધો હતો.

જેમાં તારીખ ૧૪-૧૨-૨૦૦૭નાં રોજ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી, નિરમા યુનિવર્સિટી દ્વારા યોજાયેલ રાજ્ય કક્ષાની ક્વીઝ : બી : કેટેગરીની ક્વીઝ હરિફાઈમાં આ કોલેજનાં ફાઈનલ બી.ફાર્મનાં વિદ્યાર્થીઓ આદિત્ય કે. ભટ્ટ અને મૌર્ય એસ. પંડ્યા એ દ્વિતીય ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

તારીખ ૨૮ અને ૨૯મી ડિસેમ્બર ૨૦૦૭ના રોજ ચાંગા સ્થિત રમણભાઈ બી. પટેલ કોલેજ ઓફ ફાર્મસી દ્વારા રાષ્ટ્રિય કક્ષાની યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં પણ આ કોલેજનાં વિદ્યાર્થીઓની આગેકૂચ ચાલુ રહી હતી. ફાર્મા-માર્કેટીંગની સ્પર્ધામાં ફાઈનલ ઈયર બી. ફાર્મનાં કીર્તન પડીયા, આદિત્ય ભટ્ટ અને જલ્પન પટેલની ટીમને તેમની એન્ટાસીડ ઉત્પાદનની માર્કેટીંગ સ્ટ્રેટેજી માટે પ્રથમ પુરસ્કાર એનાયત થયો હતો.

ફાર્મા મૉડેલ ડીઝઈનીંગ વિભાગમાં ટેબલેટ બનાવવાના મીની મશીનનું મૉડેલ તૈયાર કરવા બદલ ફાઈનલ બી. ફાર્મનાં આદિત્ય ભટ્ટ, તેજસ શાહ અને નિરાલી ટેઈલરની ટીમને પ્રથમ પુરસ્કારથી નવાજવામાં આવી હતી.

ફાર્મા ક્રોસવર્ડ ઈવેન્ટમાં આ કોલેજની ફાઈનલ બી. ફાર્મની વિદ્યાર્થી કુ. નિરાલી ટેઈલરને પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું હતું.

આ જ સંસ્થાના ટી. વાય. બી. ફાર્મના વિદ્યાર્થીઓ કિંજલ અમીન અને મેહુલ ટાંકને ડિબેટ સ્પર્ધામાં દ્વિતીય ઈનામ પ્રાપ્ત થયું હતું.

સંસ્થામાંથી ભાગ લેનાર અન્ય વિદ્યાર્થીઓ, ગાર્ગી લખવાણી, ઈશાન શાહ, હિરેન, જીપલ તથા દિશાન્તને અનુક્રમે પોસ્ટર, મૉડેલ અને વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેવા બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

**Prof. (Dr.) Sandip K. Bhatt**, P.G. Deptt. of Business Studies participated in the 60th All India Commerce Conference held at Osmania University, Hyderabad from 27th to 29th December, 2007. He also presented his paper entitled, "Impact of self Employed Women's Association (SEWA) on Informal sector of Labour". Prof. Bhatt acted as Co-chairman in Teachnical Session IVth - "Informal Sector : Hopes and Challenges".

**Prof. (Dr.) Sandip K. Bhatt**, P.G. Deptt. of Business Studies, participated in the IASSI Annual Conference on "Reforming Rural Non-farm Activities for Benefits of Globalisation" and presented a paper on "India on path of Globlisation" held at the Institute of Rural Management (IRMA), Anand during 11-12, January 2008.

૯૫મી ઈન્ડિયન સાઈન્સ કોંગ્રેસનું વાર્ષિક અધિવેશન તા. ૩જી જાન્યુઆરીથી ૭મી જાન્યુઆરી દરમ્યાન વિશાખાપટ્ટનમમાં યોજાયેલું - એનું ઉદ્‌ઘાટન ભારતના વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહએ કરેલું. આ મહા અધિવેશનમાં અનુસ્નાતક મનોવિજ્ઞાન વિભાગના **એસ. એમ. મકવાણા**નું સંશોધન પત્ર પસંદ થયું હતું, જેનો વિષય હતો -"Examining the effect of organizational health on job-involvement with special reference to engineering and pharmaceutical organizations".

**Dr. Raju M. Rathod and Dr. Yagnesh Dalvadi**- Lecturers at Business Studies Department presented paper titled "A Qualitative study on Operational Problems of Right to Information Act - A Public Authority Prespective" at a Two Day UGC sponsored seminar on 'Right to Information and Consumer Protection' organized by G. H. Patel Institute of Business Management, MBA Department, Sardar Patel University, during 7-8th December 2007.

**Dr. Yagnesh Dalvadi,** Lecturer at Business Studies Department, presented papers titled "Accounting for Small Enterprise with Special Reference to Hotel Accounting" and "Financial Reporting and Decision Making by Investors in Emerging Capital Markets" at 30th All India Accounting Conference and International Seminar on Accounting Education and Research held at Jodhpur, Rajasthan, during 15-16 December 2007.

**Dr. D. R. Patel** (former faculty of B K School of Management, Gujarat University) delivered a series of lectures to the M.Com. Previous and Final Students on 'Disclosure Practices and Investors Protection' under the Visiting Fellow Scheme - UGC SAP Programme during December 3-8, 2007.

**Dr. H. N. Agrawal** (former Head of the Department, Saurashtra University) delivered a series of lectures to the M. Phil. Students on 'Research Methodology' under the Visiting Fellow Scheme - UGC SAP Programme from December 25, 2007 to January 3, 2008. He gave detailed

knowledge of research methodology including Z test, ANOVA test and Chi-Square test.

➢ **અનુસ્નાતક મનોવિજ્ઞાન વિભાગ**ના વ્યાખ્યાતા ડૉ. એસ. એમ. મકવાણાએ ૨૧ જાન્યુ. ૨૦૦૮ના રોજ નલિની એન્ડ અરવિન્દ આર્ટ્સ કોલેજ ખાતે 'નેતૃત્વના ગુણલક્ષણો અને તેની સમજૂતી' અંગે વક્તવ્ય આપ્યું હતુ.

➢ ઓલ ઈન્ડિયા સોશ્યોલોજીકલ સોસાયટીની તાજેતરમાં કર્ણાટક-ધારવાળ મુકામે યોજાયેલ પરિષદમાં કન્વીનર તરીકેની ચૂંટણીમાં સરદાર પટેલ યુનિવર્સિટીના **અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ**ના ડૉ. રમેશ મકવાણા 'ગુનો અને સમાજ' નામની સંશોધન સમિતીમાં આગામી બે વર્ષ માટે ચૂંટાયા છે. અભિનંદન !!

➢ Dr. Manisha S. Bhatt, I/c Principal, **Sardar Patel Commerce College**, Boriavi attended Annual conference of the IASSI on "Reforming Rural Non- farm Activities for Benefits of Globalisation" and also presented a paper on Globlisation, held at IRMA, Anand during 11-12, January 2008.

➢ **G. H. Patel Post Graduate Institute of Business Management**, Sardar Patel University, Vallabh Vidyanagar, organized a UGC-SAP Sponsored Two-Day National Seminar on "Right to Information and Consumer Protection in India".

7th December, Friday - First day

Prof. Shantibhai G. Patel, President, Indian Institute of Public Administration, Vallabh Vidyanagar Chapter chaired the function and inaugurated the seminar.

Then Prof. R. P. Patel, Seminar Director, introduced the theme of the seminar in detail.

Ms Anita Anand Shrivastav, Advocate and Legal Advisor, Power Grid Corporation of India Ltd., New Delhi, in her key-note address, informed the audience that the R.T.I. is a landmark in the history of Indian Democracy. She threw light on the need of R.T.I. the meaning of R.T.I., the need of awareness of Consumers for R.T.I. and education of consumer for R.T.I. and obligations of various sections of Government. She also talked about who consumer is, and why the consumer needs protection in India.

After Tea-break, the Technical Session I commenced. Prof H. J. Jani welcomed the Chairperson Prof. Pramod Paliwal of Dindayal Petroleum University, Gandhinagar.

The following participants presented their papers:

1. Sunny Thomas & Waheed Sheikh

   "Right to Information and Good Governance"
2. Ms Rachna Gandhi & Prof. R. P. Patel

   "RTI as a Service Package to Create Citizen Satisfaction : A Marketing Paradigm"
3. Ms Kamini Shah

   "The RTI Act is Really Ensuring Transparency"

The following participants presented their papers:

1. Bigi Thomas

   "Time will decide the Destiny & Let us decide the Time"
2. Dr. Yagnesh Dalvadi & Dr. Raju Rathod

   "Quantitative Study on Operational Problems of RTI ACT - A Public Authority Prespective"
3. Dr. Basant Kumar

   "Consumer Protection in India : Implications of R.T.I. Act"

8th December, Saturday - Second day

In the beginning Prof. R. P. Patel, Seminar Director, welcomed and introduced the panel members : (1) Prof. K. C. Raval, School of Law, Gujarat University, Ahmedabad (2) Ms. Anushree Kapadia, Advocate, Gujarat High Court, Ahmedabad, (3) R. N. Singh, Advocate, Gujarat High Court, Ahmedabad.

All the panelists threw light on various aspects of the RTI Act and various provisions for Protection of Consumers, how people can take benefits of the RTI and how consumers can get various protections.

After Tea-break Technical Session-III commenced.

Mr. K. S. Prasad welcomed and introduced the Chairperson - Prof. Hemant Trivedi, MICA, Ahmedabad.

The following participants presented the papers :

1. Ms Shivani Mishra
   "NGO: Aheading Social Movement through RTI"

2. Amit Jain & Sonal Jain
"E-Portfolia Available tool"

3. Mr. Nishith Dave

"Facilitating Learning, Assessment & Appraisal in the Information Era"

4. Ms Asha Makhecha

"RTI & Its Implications"

Mr. Ashish Mehta presented the Memento to Chairperson Prof. Hemant Trivedi, MICA, Ahmedabad.

Valedictory function started after Lunch Break.

Prof. G. C. Maheshwari, Head of Department, Faculty of Management, M.S. University of Vadodara, Baroda delivered the valedictory address.

➢ **સરદાર પટેલ યુનિવર્સિટીનાં ભૌતિક વિજ્ઞાન વિભાગમાં ટોપીકલ કોન્ફરન્સ ઓન એટોમીક એન્ડ મોલેક્યુલર ફીઝીક્સ (ટીસી ૨૦૦૮)ની ભવ્ય સફળતા**

આ કોન્ફરન્સનો વિધિવત્ શુભારંભ સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. બી.જી. પટેલના અધ્યક્ષપદે ભૌતિક વિભાગના સભાખંડમાં થયો હતો. આ પ્રસંગે કોન્ફરન્સના સંવાહક અને ભૌતિક વિજ્ઞાન વિભાગના વડા પ્રો. કમલનયન જોષીપુરાએ આવકાર સાથે કોન્ફરન્સના હેતુઓ તેમજ મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. આ પરિસંવાદમાં ભારત અને વિદેશમાંથી ૧૦૦ જેટલા વિદ્વાનો પધાર્યા હતા.

એટોમિક, મોલેક્યુલર અને ઓપ્ટિકલ સાયંસ ઈન ઈન્ડિયા વિષય પર ટાટા ઈન્સ્ટીટ્યુટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચ (*TIFR*)ના પ્રો.ઈ. કૃષ્ણકુમારે ઉદ્ઘાટકીય વકતવ્ય કર્યું હતું. તેમણે સમજાવ્યું હતું કે અણુ, પરમાણુ અને પ્રકાશ એ આપણા જીવન સાથે સંકળાયેલ મૂળભૂત બાબતો છે. તેની સાથે મૂળભૂત વિજ્ઞાનના તમામ પાસા પરસ્પર આધારિત છે. આ સંશોધન ક્ષેત્ર સાથે સંકળાયેલ બાબતો - જેવી કે, કોલ્ડ કેમેસ્ટ્રી- મહત્વ ધરાવે છે. તેમના વકતવ્યમાં ઈન્ડિયન સોસાયટી ઓફ એટોમીક એન્ડ મોલેક્યુલર ફીઝીક્સની સ્થાપનાથી શરૂ કરી તેની પ્રગતિનો અહેવાલ રજૂ કર્યો હતો.

અધ્યક્ષપદે બિરાજેલ કુલપતિશ્રી ડૉ. બી. જી. પટેલે આ કોન્ફરન્સના આયોજકો અને *ISAMP*ના હોદ્દેદારોને અભિનંદન સાથે બિરદાવ્યા હતા. આ પ્રસંગે તેમણે વલ્લભ વિદ્યાનગરના સ્થાપકો ભાઈકાકા અને ભીખાભાઈ પટેલને સરદાર પટેલના આશીર્વાદ મળ્યા હતા એને યાદ કરીને આ નગરના વિવિધ ક્ષેત્રોમાં થયેલાં મહત્વનાં પ્રદાનોને ગૌરવ આપનારાં ગણાવ્યાં હતાં. ભૌતિક વિજ્ઞાનની વિવિધ શાખાઓ દ્વારા પ્રકૃતિને સમજવામાં સરળતા ઊભી થયેલ છે. તેમાં યોગદાન આપનાર ખ્યાતનામ વૈજ્ઞાનિકો, આઈન્સ્ટાઈન, રૂધરફોર્ડ, બ્હોર, કૉમ્પટન, ન્યૂટન વિગેરેને યાદ કરી અણુ, પરમાણુ અને પ્રકાશીય ઘટનાઓ સમજાવી હતી.

આઈ આઈ ટી, મદ્રાસના પ્રો. પી. સી. દેશમુખે હાર્દરૂપ વકતવ્યમાં પરમાણુને સમજવા માટે જુદા જુદા વૈજ્ઞાનિકો ઉપરાંત ભગવદ્ ગીતાનાં વિધાનો સમજાવ્યાં હતાં. એરિસ્ટોટલ, ન્યૂટન, ડાલ્ટનના મત મુજબ પરમાણુ અવિભાજ્ય હતો.

પ્રો. દેશમુખે પરમાણુ વિષેના અતિ આધુનિક જ્ઞાનની ઝલક આપી હતી. પરમાણુના ખ્યાલને ૨૦૦ વર્ષ થયા નિમિત્તે આ વ્યાખ્યાન ખૂબ રસપ્રદ રહ્યું હતું.

આ ત્રિદિવસીય પરિસંવાદમાં ભારતભરમાંથી પધારેલા નિષ્ણાત વક્તાઓ દ્વારા ચાર પ્લેનરી વ્યાખ્યાનો, ૧૮ જેટલા આમંત્રિત વ્યાખ્યાનો, યુવા વૈજ્ઞાનિકોનાં ૮ વ્યાખ્યાનો અને ૮૫ જેટલાં પોસ્ટર દ્વારા સંશોધનપત્રો રજૂ કરવામાં આવ્યાં હતાં. આ પરિસંવાદ દરમિયાન યુનાટેડ કીંગડમની ઓપન યુનિવર્સિટીના ડૉ. નાઈઝેલ મેસનનું 'જીવની ઉત્પત્તિ અને રહસ્ય' વિષય પર લોકભોગ્ય વ્યાખ્યાન ગુજરાત સાયંસ અકાદમી, વલ્લભ વિદ્યાનગર શાખાના સહયોગથી ગોઠવવામાં આવ્યું હતું.

પ્રો. મેસનનું આ વ્યાખ્યાન ગુજરાત સાયંન્સ અકાદમી, વલ્લભ વિદ્યાનગર ચેપ્ટરના સહયોગથી ગોઠવવામાં આવેલ. જાન્યુઆરી ૩ થી ૫ ના દિવસો દરમ્યાન ભૌતિકશાસ્ત્ર વિભાગ વૈજ્ઞાનિક ચર્ચા વિચારણાથી ધમધમતો રહ્યો હતો. તા. ૪ થી જાન્યુઆરીએ પરિષદના સહભાગીઓ માટે સરદાર પટેલ સ્મારક, કરમસદની મુલાકાત ગોઠવવામાં આવી, જ્યાં વિજ્ઞાન સભાગૃહમાં ભૌતિક વિભાગની બહેનોએ છટાદાર ગરબા રજૂ કરીને સૌ મહેમાનોને ખુશખુશાલ કરી દીધા હતા. દેશ-વિદેશના અધ્યાપકો-વિજ્ઞાનીઓએ આ કોન્ફરન્સના સમગ્ર આયોજન માટે ખુબ જ આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. ઉક્ત કોન્ફરન્સ *TC 2008* દ્વારા વિભાગ માટે સંશોધન-સહકારના દ્વાર ખુલશે અને સરદાર પટેલ યુનિવર્સિટીની પ્રતિષ્ઠામાં ઉમેરો થશે.

➢ **ઓલ ઈન્ડિયા કોમર્સ એસોશીએશન - ગુજરાત ચેપ્ટર**

નડિયાદની ટી. જે. પટેલ કોમર્સ કોલેજ ખાતે ઓલ ઈન્ડિયા કોમર્સ એસોશીએશનનાં ગુજરાત ચેપ્ટરનો ઉદ્ઘાટન સમારંભ તથા એક દિવસીય બેંકીંગ રીફોર્મ્સ ઉપરનો સેમિનાર ચાલુ માસે યોજાઈ ગયો. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૧૮૧ જેટલાં ડેલીગેટ્સ આવેલ હતા. આપણી યુનિવર્સિટીનાં ડૉ. એમ. કે. પટેલ, વડા અને ડીન **અનુસ્નાતક બિઝનેસ સ્ટડિઝ** હાજર રહ્યા હતા. જ્યારે આ વિભાગનાં પ્રો. ડૉ. સંદિપ કે. ભટ્ટ ગુજરાત ચેપ્ટરનાં કન્વિનર તરીકે નિમણુંક પામેલ છે.

➢ **અનુસ્નાતક ગુજરાતી વિભાગ** પોતાની સ્થાપનાની સુવર્ણ જયંતીની ઉજવણી કરી રહ્યો છે, એ નિમિત્તે દર માસે શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી રહ્યો છે. એના ભાગ રૂપે બુધવાર અને ગુરુવાર,

તા. ૯ અને ૧૦ જાન્યુઆરી ૨૦૦૮ દરમ્યાન વિભાગે એક જ્ઞાનસત્રનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ જ્ઞાનસત્રમાં રૉલા બાર્થ અને ઝાક દેરિદાની તત્ત્વ વિચારણા અને સાહિત્ય વિચારણા વિશે અમદાવાદથી પધારેલા ત્રણ વિદ્વાન વક્તાઓ પ્રો. પ્રશાંતભાઈ દવે, ડૉ. મધુસૂદન બક્ષી અને ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળાએ લંબાણપૂર્વક દાખલા-દલીલ ઉદાહરણો સાથે રજૂઆત કરી હતી. વિદ્યાનગર-આણંદની કોલેજોના અને વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ મોટી સંખ્યામાં હાજર રહી આ જ્ઞાનયજ્ઞનો લાભ લીધો હતો.

➢ **અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગ,** સરદાર પટેલ યુનિવર્સિટી તથા ઈન્ડિયન ઈસ્ટીટ્યૂટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશનના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં પ્રોફેસર ગુહા રોય (આઈઆઈપીએ, ન્યુ દિલ્હી) 'ભારતમાં જાહેર વહીવટ સામેના પડકારો' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. પ્રો. ગુહા રોયે વૈશ્વિકરણના સંદર્ભમાં વધતા જતા જાહેર વહીવટના પ્રવાહો અને પડકારો વિશે વ્યક્તવ્ય આપ્યું હતું. સમારોહના અતિથિ વિશેષ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂન ઓફ પબ્લીક ઍડમીનીસ્ટ્રેશન લોકલ બ્રાન્ચ, વલ્લભ વિદ્યાનગરનાં ચેરમેન ડૉ. હિંમતભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

➢ સરદાર પટેલ યુનિવર્સિટીના **અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગ**માં તાજેતરમાં આણંદ જિલ્લાના નાયબ નિવાસી કલેક્ટર શ્રી આઈ. એમ. પટેલનું વક્તવ્ય યોજાયું હતું. એનો વિષય હતો 'ભારતમાં ચૂંટણી પંચની કામગીરી'. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. હિતેશ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું. આભારવિધિ પ્રા. રંજનાબેન ધોળકિયા દ્વારા કરવામાં આવી હતી.

➢ **અનુસ્નાતક સંસ્કૃત વિભાગ**

સંસ્કૃત ભારતી-આણંદ તથા એન.એસ. પટેલ, આર્ટ્સ કોલેજ-આણંદના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત-વ્યાકરણ-પ્રવેશ શિબિર તા. ૧૯-૨૦ જાન્યુઆરીના રોજ યોજાઈ હતી. આ શિબિરમાં અનુસ્નાતક સંસ્કૃત વિભાગના ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ જ વિભાગમાં સંસ્કૃત ભારતી-ગુજરાતી દ્વારા આયોજિત સંસ્કૃત ગૌરવ પરીક્ષા તા. ૨૯-૧૨-૨૦૦૭ના રોજ યોજાઈ હતી. ૧૨૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાં ૬૬ વિદ્યાર્થીઓએ પ્રવેશિકાની, ૪૮-વિદ્યાર્થીઓએ પ્રાદિપીકાની અને ૧૨ વિદ્યાર્થીઓએ પ્રમોદિકાની પરીક્ષા આપી હતી. આ પરીક્ષામાં વિશેષ યોગ્યતામાં ૪૦ વિદ્યાર્થીઓ તથા ૪૦ વિદ્યાર્થીઓ પ્રથમ શ્રેણીમાં અને ૫૮ વિદ્યાર્થીઓ દ્વિતીય તથા તૃતીય શ્રેણીમાં ૨૮ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

➢ **આણંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ વર્ક** દ્વારા કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન આણંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ વર્ક, આણંદ દ્વારા તા. ૩-૧૨-૨૦૦૭ના રોજ આણંદ લૉ કોલેજ અને જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ, આણંદના સંયુક્ત ઉપક્રમે 'કાનૂની શિક્ષણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં બી.એસ. ડબલ્યુના વિદ્યાર્થીઓમાં કાનૂની અભિગમનો વિકાસ થાય અને સામાજિક પ્રશ્નોમાં કાયદાની ભૂમિકા વિશે સમજણ વિકસાવાના હેતુથી સ્ત્રીઓના અધિકારો, ભરણપોષણ, ધરપકડ, મોટર એક્સીડન્ટ ક્લેઈમ, વિગેરે જેવા રોજીંદી જીંદગીને અસર કરતા કાયદાઓ વિશે ઉંડાણપૂર્વક કાયદાકીય માહિતી પુરી પાડવામાં આવી હતી.

➢ **સરદાર પટેલ આર્ટ્સ કોલેજ,** બોરીઆવીમાં યોજાયેલ વ્યાખ્યાન

સરદાર પટેલ કેળવણી મંડળ સંચાલિત સરદાર પટેલ આર્ટ્સ કોલેજ, બોરીઆવીમાં તાજેતરમાં ઈતિહાસ વિભાગ દ્વારા આણંદ આર્ટ્સ કોલેજના ઈતિહાસ વિભાગના પૂર્વ વિભાગાધ્યક્ષ પ્રા. જે. કે. પંચાલ સાહેબનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. તેમણે ઈતિહાસની સમજ અને ભારતીય સ્વાતંત્ર્ય ચળવળમાં એક વિભૂતિ તરીકે સરદાર પટેલ - વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

આ જ કોલેજમાં ટી. વાય. બી.એ. માં અભ્યાસ કરતા, વિદ્યાર્થી દિલીપ કુમાર વી. ચુડાસમાએ આણંદ આર્ટ્સ કોલેજ દ્વારા આયોજિત ૧૭મી ડૉ. આર.પી. પટેલ સ્વરચિત કાવ્ય સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને કોલેજ અને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

➢ **આણંદ કોમર્સ કોલેજમાં** ઈન્ટરનેશનલ બેંન્કીંગ વિષય ઉપર ડૉ. એ.બી. ચૌહાણનું વ્યાખ્યાન

આણંદ કોમર્સ કોલેજમાં બી.બી.એ.-ફોરેન ટ્રેડ અભ્યાસક્રમમાં તા.૧૧-૧-૨૦૦૮ રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર તથા વાણિજ્ય વિભાગના પૂર્વ અધ્યક્ષ ડૉ એ.બી. ચૌહાણ સાહેબનું 'ઈન્ટરનેશનલ બેન્કીંગ અને ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ' ઉપર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. ડૉ. ચૌહાણે જણાવ્યું કે વર્તમાન સમયમાં દરેક દેશના અર્થતંત્રમાં બેંન્કીંગ અને ફોરેન એક્સચેંજ દર મહત્વનો ભાગ ભજવે છે. દરેક દેશની બેંન્કીંગ પદ્ધતિઓ જુદા જુદા પ્રકારની હોય છે પરંતુ હેતુ તો એક જ હોય છે. વિનિમય દરમાં નજીવો ફેરફાર થાય તો તેની ઉદ્યોગ ક્ષેત્રે અને આયાત-નિકાસ વિધિમાં કેવા પ્રકારની અસરો થાય છે તેની એમણે ચર્ચા કરી હતી.

➢ **શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ કોલેજ,** આણંદમાં યોજાયેલ સ્વ. સુમિત્રાનંદન પંત વિષયક પરિસંવાદ

શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ કોલેજના હિન્દી વિભાગના ઉપક્રમે, હિન્દીના સુપ્રસિદ્ધ સર્જક સુમિત્રાનંદન પંતની પુણ્યતિથિ નિમિત્તે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતુ. એમાં સ્વ. પંતના જીવન, કવન વિષયક વક્તવ્યો અને પંતની પ્રતિનિધિ કાવ્ય રચનાઓના પઠન દ્વારા પંતને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સેમિનારનું સંચાલન કુ. સ્નેહલ મેકવાને તથા આભાર દર્શન કુ. આતેકા વહોરાએ કર્યું હતું.

## Research Work

➤ ભારત સરકારના મિનીસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના, ડી.એસ.ટી., ન્યુ દિલ્હીએ અનુસ્નાતક મટીરીયલ સાયન્સ વિભાગના વડાશ્રી **ડૉ. એલ. એમ. મનોચા તથા ડૉ. (મિસીસ) સતીશ એમ. મનોચા**નો સંશોધન પ્રોજેક્ટ બે વર્ષ માટે મંજૂર કર્યો છે. એનો વિષય છેઃ '*Development of Carbon-Ceramic Composites for Friction and Wear Application*' આ માટે રૂા. ૩૨,૮૦,૦૦૦/-નું અનુદાન મંજૂર કર્યું છે. અભિનંદન.

➤ નેશનલ ફ્યુજન પ્રોગ્રામ (*NFP-India*), ઈન્સ્ટીટ્યુટ ફોર પ્લાઝમા રિસર્ચ (*IPR*), ગાંધીનગરે અનુસ્નાતક મટીરીયલ સાયન્સ વિભાગના વડાશ્રી **ડૉ. એલ. એમ. મનોચા તથા ડૉ. (મિસીસ) સતીશ એમ. મનોચા**નો ત્રણ વર્ષનો સંશોધન પ્રોજેક્ટ મંજૂર કર્યો છે. એનો વિષય છેઃ *Studies on development and characterization of nanostructures incorporated carbon and Sic based composites* આ માટે રૂા. ૨૪,૯૫,૦૦૦/-નું અનુદાન મંજૂર કર્યું છે. અભિનંદન.

➤ કાઉન્સીલ ઓફ સાયન્ટીફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ (*CSIR*), ન્યુ દિલ્હીએ બી. આર. ડી. સ્કૂલ ઓફ બાયોસાયન્સીસના **ડૉ. વી. આર. ઠક્કર**નો સંશોધન પ્રોજેક્ટ મંજૂર કર્યો છે. આ માટે પ્રથમ હપ્તા પેટે કુલ રૂા. ૮,૩૪,૬૬૭નું અનુદાન મંજૂર કર્યુ છે. સંશોધન પ્રોજેક્ટનો વિષય છે : '*Characterization of a Jasmonic Acid Hyper-producing strain of iasiodiplodia theobromae*' સંશોધન પ્રોજેક્ટની મુદત છે બે વર્ષ. અભિનંદન.

➤ કાઉન્સીલ ઓફ સાયન્ટીફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ (*CSIR*), ન્યુ દિલ્હીએ બી. આર. ડી. સ્કૂલ ઓફ બાયોસાયન્સીસના રીડર **ડૉ. આર.બી. સુબ્રમણ્યમ**નો સંશોધન પ્રોજેક્ટ મંજૂર કર્યો છે. એનો વિષય છે : '*Screeing and Selection of an anthel mantic drug tolerant strain of arthrobtrys musiformls as a potential biocontrol agent against animal nematodes*'. આ પ્રોજેક્ટની મુદત છે ત્રણ વર્ષ, આ માટે અનુદાનનો રૂા. ૩,૮૪,૬૬૭/-નો પ્રથમ હપ્તો મંજુર કર્યો છે. અભિનંદન.

➤ મે. શ્રીજી કેમિકલ્સ, પુનાએ અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના રીડર **ડૉ. એમ. એન. પટેલ**નો ઈન્ડસ્ટ્રીયલ સંશોધન પ્રોજેક્ટ '*Extraction of Rhodium from the effluent produced by decorative article manufacturing industry*' છ માસ માટે મંજૂર કર્યો છે. એના ખર્ચ પેટે રૂા. ૧,૫૪,૦૦૦/-નું અનુદાન મંજૂર કર્યુ છે. અભિનંદન.

## Extension

➤ **સી.સી. પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર, સંસ્કાર મંડળ અને ગુજરાત સાયંસ અકાદમી ચેપ્ટર**ના વલ્લભ વિદ્યાનગર શાખાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨-૧૨-૨૦૦૭ના શનિવારે સંસ્કાર મંડળ, યુનિવર્સિટી કોલોની, વિદ્યાનગર ખાતે ડૉ. વિક્રમ સારાભાઈ વિજય-પદ્મ વક્તૃત્વ સ્પર્ધા આણંદ અને ખેડા જીલ્લાની શાળાના ધો. ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી. સ્પર્ધાનો વિષય 'વૈશ્વિક તાપવૃદ્ધિ (ગ્લોબલ વોર્મિંગ) અને પૃથ્વી ગ્રહનું ભાવિ : ધૂંધળું કે ઉજળું?' રાખવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં કુલ ૧૫ શાળાઓના ૩૦ વિદ્યાર્થી ભાઈબહેનોએ ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. સ્પર્ધામાં પ્રથમ સ્થાને સી.વી.એમ. ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ શાળા, વલ્લભ વિદ્યાનગર તથા બીજા સ્થાને સેન્ટ આન્ના હાઈસ્કૂલ, નડીયાદને વિજેતા જાહેર કર્યા હતા. જ્યારે વ્યક્તિગત ઈનામોમાં પ્રથમ ઈનામ કિન્ટુ પટેલ - સી.વી.એમ. ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ શાળા, વલ્લભ વિદ્યાનગર બીજા સ્થાને દિશા ગાંધી - એસ.ઝેડ. વાઘેલા હાઈસ્કૂલ, ખંભાત તથા ત્રીજા સ્થાને કૃતિ શાહ - સેન્ટ આન્ના હાઈસ્કુલ, નડીયાદ અને ચોથા સ્થાને જેનિલ શાહ - સી.વી.એમ. ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ શાળા, વલ્લભ વિદ્યાનગર મેળવે છે.

સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. મીનાક્ષીબેન વિનોદકુમાર (વી.પી. સાયન્સ કોલેજ, વિદ્યાનગર), પ્રો. યોગેશ જસરાય (ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) તથા કુમાર આર. ત્રિવેદી (જીસેટ કોલેજ, વિદ્યાનગર)એ સેવા આપી હતી. કાર્યક્રમનો ઈનામવિતરણ સમારંભ ડૉ. એમ. એચ. વસાવાડાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

➤ **સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત સી.સી. પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર** દ્વારા તા. ૧૭-૧-૨૦૦૮ના રોજ આણંદ જીલ્લા ગુજકોસ્ટ સાયંસ ક્વીઝ-૨૦૦૮ શ્રી સાર્વજનિક હાઈસ્કૂલ, તારાપુરમાં યોજવામાં આવી હતી. આ ક્વીઝ કાર્યક્રમમાં આણંદ જીલ્લાની શાળાઓમાંથી ૩૬ માધ્યમિક અને ૧૧ ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ટીમોએ ભાગ લીધો હતો. ક્વીઝ કાર્યક્રમમાં એલીમીનેશન ટેસ્ટ લેવામાં આવ્યો હતો. જેમાંથી માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની પ્રથમ ચાર વિજેતા ટીમો ફાઈનલ રાઉન્ડમાં આવી હતી. આ સ્પર્ધાના ક્વીઝમાસ્ટર તરીકેની સેવા વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજ, વિદ્યાનગરના ડૉ. મીનાક્ષી વિનોદકુમારે આપી હતી.

માધ્યમિક કક્ષાએ ફાઈનલમાં આવેલ ચાર ટીમો વચ્ચેની ક્વીઝ સ્પર્ધામાં વિજેતા ટીમ તરીકે પ્રથમ વિજેતા એમ.યુ. પટેલ હાઈસ્કુલ, વિ. વિ. નગર; દ્વિતીય વિજેતા - પીન્ટોસ હાઈસ્કૂલ, આણંદ; તૃતીય વિજેતા રાસ હાઈસ્કુલ રાસ અને ચતુર્થ વિજેતા - ધી ઉંદેલ હાઈસ્કૂલ, ઉંદેલને જાહેર કરવામાં આવી અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિજેતા ટીમ તરીકે પ્રથમ વિજેતા - ડી.એન. હાઈસ્કૂલ, આણંદ; દ્વિતીય વિજેતા - એન.કે. હાઈસ્કુલ, પેટલાદ; તૃતીય વિજેતા - ધી ઉંદેલ હાઈસ્કુલ, ઉંદેલ; ચતુર્થ વિજેતા - શ્રી સાર્વજનિક હાઈસ્કૂલ, તારાપુરને જાહેર કરવામાં આવી હતી.

કાર્યક્રમનો સમાપન સમારંભ શ્રી સાર્વજનિક હાઈસ્કૂલ, તારાપુરના આચાર્યશ્રી આર. જે. દવેના સાનિધ્યમાં યોજવામાં આવ્યો હતો. તમામ ઈનામ વિજેતાઓને ટ્રોફી, તેમજ ગુજકોસ્ટ તરફથી પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત સર્વ પ્રથમ ઈનામ વિજેતા ટીમને રૂા. ૫૦૧/-નું રોકડ ઈનામ સી.સી. પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર તરફથી આપવામાં આવ્યું હતું. આ રીતે પ્રથમ વિજેતા ટીમ - આણંદ જીલ્લાનું પ્રતિનિધિત્વ રાજ્યકક્ષાની ગુજકોસ્ટ સાયંસ ક્વીઝ-૨૦૦૭-૦૮ માટે ભાસ્કરાચાર્ય ઈન્ટીટ્યુટ ઓફ સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓઈન્ફોર્મેટીક, ગાંધીનગર ખાતે કરશે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ગુજકોસ્ટ તથા લોકવિજ્ઞાન કેન્દ્રના નિયામકશ્રી પ્રો. શાંતિભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ ઓફીસર નયના પટેલે અંતમાં સૌનો આભાર માની કાર્યક્રમ સમાપન કર્યો. જીલ્લા કક્ષાએ વિજેતા ટીમોને હવે રાજ્ય કક્ષાએ મોકલવામાં આવશે. કાર્યક્રમની સફળતામાં શ્રી સાર્વજનિક હાઈસ્કૂલ, તારાપુરના શિક્ષકોનો સહયોગ મળ્યો હતો.

➤ **સેમકોમ કોલેજ** દ્વારા વિદ્યોગ ૨૦૦૮ દરમ્યાન 'એલિકોન બેસ્ટ બિઝનેસ આઈડિયા કન્ટેસ્ટ' યોજાઈ

ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ. સી. એલ. પટેલના અધ્યક્ષ સ્થાને તથા વિદ્યોગ ૨૦૦૮ના પ્રેસિડન્ટ જયંતિભાઈ પટેલના અતિથિવિશેષ પદે આચાર્ય ડૉ. નિખિલ ઝવેરીએ આ સ્પર્ધાને ખુલ્લી મુકી હતી. આ વર્ષે ૪૦ ટીમો તૈયાર કરી હતી, જેમાંથી પસંદગી પામેલ ૧૪ ટીમોએ પોતાના આઈડીયા કોન્ટેસ્ટમાં રજૂ કર્યા હતા. જેમાં જીઓથર્મલ પ્રોજેક્ટ, યૂથ મેગેઝિન, બાયો ડિગ્રેડેબલ પ્લાસ્ટિક, અન્ન સૃષ્ટિ, સ્પીડ કેબ, ઈન્ટરનેટ કિઓસ્ક, અમૃત પીણું, ઈથેનોલ, ચોપાટી, વાયરલેસ પ્રિન્ટીંગ, બાયોમિથેન વિગેરે અનેક ધંધાના વિચારો રજૂ થયા હતા. નિર્ણાયકો તરીકે એચ.સી. શાહ, વાઈસ પ્રેસીડન્ટ-ફાઈનાન્સ, એલિકોન; એ. જે. ભટ્ટ, જનરલ મેનેજર-ગુજરાત જીલેટીન, વડોદરા; પ્રો. બીપીન શાહ, ઈડીઆઈઆઈ, ગાંધીનગર; ઉદ્યોગપતિ શરદ અમીન અને યુવા ઉદ્યોગકાર સોનલ કોટકે તથા ડૉ. વિપુલ દેસાઈ, મેનેજમેન્ટ એડવાઈઝર, ચારુતર વિદ્યામંડળએ સેવા આપી હતી.

દરેક ટીમ દ્વારા ૨૦ મીનીટનો બિઝનેસ પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો. નિર્ણાયકો દ્વારા પ્રશ્નોત્તરીને અંતે ૩ બેસ્ટ બિઝનેસ આઈડીયાને રૂા. ૨૦૦૦૦ રોકડનું ઈનામ આપવામાં આવ્યું હતું.

નીચેના ત્રણ વિચારોને શ્રેષ્ઠ ત્રણ બિઝનેસ આઈડિયા તરીકે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં.

જેમાં દેવભૂમિ - ભાવિક પટેલ ગૃપ : ભારતમાં આવનારા ૫૦ વર્ષમાં પર્યટન અને આધ્યાત્મિકતા ક્ષેત્રે રહેલી ઉજ્જવળ તકોને ધ્યાનમાં રાખીને 'દેવભૂમિ' પ્રોજેક્ટ પર કામ કર્યું છે.

જીઓ થર્મલ - કૃણાલ એન્ડ ગૃપ : જીઓ થર્મલ કન્સેસ્ટનો અમલ ભારતમાં થયો નથી પરંતુ દુનિયાના અન્ય દેશોમાં થઈ રહ્યો છે. જેમાં જમીનના પેટાળમાં રહેલા ગરમ પાણીનો ઉપયોગ કરી વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે.

બાયોમિથેન - રાકેશ રાણે એન્ડ ગૃપ : ગ્રામ્ય વિસ્તારમાં બળતણની સુવિધાનો મોટો પ્રશ્ન છે. ત્યારે કીચન વેસ્ટ, વેજીટેબલ વેસ્ટ જેવી વસ્તુઓનો ઉપયોગ કરીને બાયો મિથેન ઉત્પન્ન કરવાનો પ્રોજેક્ટ છે. જે હાલમાં એલપીજીની સરખામણીએ વાજબી દરે લોકોને સરળતાથી પ્રાપ્ત થઈ શકે છે.

બીબીઆઈસી સ્પર્ધાના કો-ઓર્ડીનેટર નિમેષ જોષી, ઈવેન્ટ મેનેજર સુવશ્રી દાસ, નિશા મેકવાન, રેશ્મા પાઠક તથા મેઘના દેસાઈએ સેવા આપી હતી.

- આ જ કોલેજ ખાતે વિજ્ઞાપન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. વિજ્ઞાપન જગતમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને મંચ પુરો પાડવા સેમકોમ કોલેજ દ્વારા આ એક નવતર પ્રયોગ હતો. લગભગ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમાંથી ૨૩ ટુકડીઓની પસંદગી થવા પામેલ હતી. આ સ્પર્ધાના મુખ્ય વક્તા તરીકે મિ. વિવેક તુટેજા (ચેરમેન અને સીઈઓ, એન્ડેવીયર્સ પ્રા. લિ.) અને મિ. ટી.એમ. નરસિંહમન (વાઈસ પ્રેસિડન્ટ, એન્ડેવિયર્સ પ્રા. લિ.) એ 'ઈન્ગ્રેડીયન્ટસ ઓફ ઈમ્પેક્ટ મેકિંગ એડ્સ' ઉપર હાર્દ રૂપ વ્યાખ્યાન આપ્યું હતું.

  મિ. કે. સી. પટેલ (લેક્ચરર, ઈપ્કોવાલા ફાઈન આર્ટ્સ કોલેજ), મિ. કુમાર ભોઈ (વ્યાવસાયિક કલાકાર), મિ. પ્રણવ જાની (પ્રોગ્રામ પ્રોડ્યુસર, રેડીયોસિટી, સુરત), મિ. મનોજ ગઢવી (ફ્રિલાન્સ પ્રોગ્રામ એક્સપર્ટ, ઝી ટીવી) અને મિ. ટી. એન. નરસિંહમન (વાઈસ પ્રેસિડન્ટ, એન્ડેવિયર્સ પ્રા.લિ.) એ સ્પર્ધાના મુખ્ય નિર્ણાયક તરીકે સ્થાન દિપાવ્યું હતું. સ્પર્ધાનું પરિણામ નીચે પ્રમાણે હતું.

  પ્રથમ : દિવ્યાંગ એન્ડ ગૃપ (ફોર્થ ઈયર બીબીએ, આઈટીએમ) વિષય- સેવ ટ્રી, દ્વિતીય : અરૂણદાસ એન્ડ ગૃપ (ટીવાય બીકોમ) વિષય-ફિમેલ ફિટીસાઈડ, તૃતીય : નીકીતા એન્ડ ગૃપ (એસ. વાય બીબીએ આઈટીએમ), વિષય - ડોનેટ બ્લડ

  દરેક વિજેતા ટીમને રોકડ પુરસ્કાર રૂા. ૫૦૦૦/-, રૂા. ૩૦૦૦ અને રૂા. ૨૦૦૦/-થી નવાજવામાં આવ્યા હતા. જ્યારે પ્રિન્સીપાલ સ્પેશ્યલ ઈનામ : પ્રિયમ દેસાઈ એન્ડ ગ્રુપ (ટીવાય બીબીએ આઈટીએમ) વિષય-સેવ વૉટર

  નિર્ણાયક સ્પેશ્યલ એવોર્ડ અભય એન્ડ ગૃપ (ટીવાય બીબીએ આઈટીએમ), વિષય : ફોલો ટ્રાફિક રુલના ફાળે ગયું હતું.

  આચાર્યશ્રી ડૉ. નિખિલ ઝવેરીના માર્ગદર્શન હેઠળ સુભાષ જોષી અને પ્રા. વૈદ્ય, પ્રા. મેનન, ડૉ. વિજ્ઞા ઓઝા, પ્રા. સ્વાતિ પરબે આ સ્પર્ધાને સફળતા સુધી પહોંચાડવા દરેક વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરુ પાડ્યું હતુ.

- સેમકોમ કોલેજમાં તા. ૨૨ જાન્યુઆરીના રોજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના વિષયો નીચે પ્રમાણે હતા.

  (૧) રેઈસીસમ ઈન સ્પોર્ટ્સ (૨) ઈન્ડો - યુએસ ન્યુક્લિઅર ડીલ (૩) ટાટા નેનો-એ કોમન મેન્ઝડ્રિમ હેઝ કમ ટુ

સ્પર્ધામાં ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રથમ - અભય જોષી (ટીવાય બીબીએ આઈટીએમ), દ્વિતીય - વર્ષા હેગડે (એસવાય બીકોમ), તૃતીય - કૃણાલ ભાટિયા (એસવાય બીબીએ) રહ્યા હતા.

જ્યારે કરણા સેલત (એફવાય બીબીએ) અને ભાવિક સામાની (ટીવાય બીબીએ આઈટીએમ)ને પ્રિન્સીપાલ સ્પેશ્યલ એવોર્ડ એનાયત કરાયો હતો.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી સુધીર મુખરજી (નિવૃત હેડ, સાઈકોલોજી ડીપાર્ટમેન્ટ) અને ડૉ. પિયુષ જોષી, નિવૃત્ત પ્રાધ્યાપક, ઇંગ્લીશ ડીપાર્ટમેન્ટ) એ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. નિશરીન પઠાણે કર્યું હતું.

➢ **સેમકોમ કોલેજ** દ્વારા 'વિઝન ૨૦૨૦ ઇન્ફ્રાસ્ટ્રકચર' પ્રદર્શનનું આયોજન તા. ૭ અને ૮મી જાન્યુઆરી ૨૦૦૮ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલના હસ્તે ખુલ્લું મુકાયું હતું.

આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ ભારત દેશને ૨૦૨૦ની સાલમાં લઇ ગયા હતા. વર્ષ ૨૦૨૦માં ભારતના માળખાનો વિકાસ દર્શાવવા વિદ્યાર્થીઓએ ૨૦ મોડલ્સ બનાવ્યા હતા. જેમાં બાયોડીઝલનો પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યો હતો. આવા ઘણાં પ્રોજેકટ જેવા કે ટ્રાન્સ ઇન્ફ્રાસિસ્ટમ, કલ્પસર યોજના (વિજળી અને કેનાલ), સરીતા સંગમ, કલ્પસર યોજના (પાણી અને ટુરીઝમ), જીઓથર્મલ એનર્જી, સ્કાય ટ્રેન, વોટર પ્યુરીફીકેશન, બાયોગેસ પ્લાન્ટ, મલ્ચ કલ્ટિવેશન, સોલાર ટાવર, પંચતત્ત્વ મોર્ડન વીલેજ, માઇક્રો આઇ ટેકનોલોજી, મલ્ટીલેન ફ્લાય ઓવર્સ વગેરેનો સમાવેશ થાય છે.

- આ જ કોલેજમાં તા. ૨૮ જાન્યુઆરી ૨૦૦૮ના રોજ ઇન્ટરકોલેજ ''ડીજીટેક કોન્ટેસ્ટ ૨૦૦૮''નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમ્પ્યુટરને લગતો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કોમ્પ્યુટર સાથે સંકળાયેલા વિવિધ કૌશલ્ય અને આવડતને આવરી લેતી સ્પર્ધાઓ - જેવી કે બેસ્ટ સીસ્ટમ એનાલીસ્ટ, બેસ્ટ પ્રોગ્રામર, બેસ્ટ ટેકનોફાઇન્ડર અને બેસ્ટ વેબસાઇટ ડિઝાઇન યોજી હતી.

  સેમકોમમાંથી લગભગ ૧૨૮ ટીમ મળી કુલ ૨૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી ૧૯૫ વિદ્યાર્થીઓ સેમકોમ કોલેજના હતા અને આણંદ-વિદ્યાનગર, વડોદરા તથા અમદાવાદના મળી બીજા ૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

  આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે બીવીએમ કોલેજના આસીસ્ટન્ટ પ્રોફેસર શ્રી દર્શક ઠાકર, જી.એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ કોમ્પ્યુટર સાયન્સના રીડર ડૉ. પ્રીતી સજ્જા અને ડૉ. વિરપરીયા અને આઇસ્ટારના એમસીએ ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી કમલેશ વૈષ્ણવે કપરી કામગીરી બજાવી હતી.

➢ **શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ કોલેજ**માં તાજેતરમાં શ્રી બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ)ની અધ્યક્ષતામાં શ્રી એચ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લીશના, એક્ષટેન્શન વિભાગનાં અધ્યક્ષા ડૉ. પ્રો. બીનાબેન વ્યાસનું એક માહિતીપૂર્ણ માર્ગદર્શક વ્યાખ્યાન 'સ્કોપ' વિષે યોજાઇ ગયું.

ડૉ. વ્યાસે પોતાના વ્યાખ્યાનમાં ગુજરાત સરકાર દ્વારા પ્રેરિત ''સોસાયટી ફોર ક્રિએશન ઑફ ઓપોર્ચ્યુનિટી થ્રૂ પ્રોફિસિયન્સી ઇન ઇંગ્લીશ'' (સ્કોપ) અભ્યાસક્રમનો હેતુ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે કેમ્બ્રિજ યુનિવર્સિટીના 'ઇસોલ' વિભાગ દ્વારા નિયત અભ્યાસક્રમ મુજબ ચાલતા આ અભ્યાસક્રમનું મુખ્ય લક્ષ્ય, ગુજરાતના યૌવનધનને અંગ્રેજી બોલવા-લખવા માટે સુસજ્જ કરી, ગુજરાતના ભાવિ ઔદ્યોગિક વિકાસમાં તેમને વ્યાવસાયિક તકો પૂરી પાડવાનું છે. તેમણે ઉમેર્યું હતું કે ભવિષ્યમાં ગુજરાતની તમામ શાળા-કોલેજના શિક્ષકો માટે અનિવાર્ય બનનારા આ અભ્યાસક્રમમાં ઉત્તીર્ણ થનારને કેમ્બ્રિજ યુનિવર્સિટી તરફથી પ્રમાણપત્ર એનાયત થશે, એટલું જ નહિ, આ પ્રમાણપત્ર ધરાવનારને નોકરીમાં અગ્રિમતા અપાશે.

- આ જ કોલેજના 'સ્ટડી સર્કલ'ના ઉપક્રમે, તાજેતરમાં સંસ્થાના કૅમ્પસ ડાયરેક્ટર, ડૉ. એ. જે. દવેનું 'આત્મા વૈજ્ઞાનિક દ્રષ્ટિએ' એ વિષય પર વ્યાખ્યાન યોજાઇ ગયું.

- આ જ કોલેજના સ્નાતક-અનુસ્નાતક વિભાગના ઉપક્રમે આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટીના અધ્યક્ષ શ્રી બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ)ની અધ્યક્ષતામાં તાજેતરમાં ગીતાજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પી. જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ સેન્ટરના સંયોજક ડૉ. કે. આર. દવે, પ્રા. દીક્ષા સાવલા તથા પ્રા. દિવ્યા પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું, જ્યારે કુ. નીલમ પારેખ, કુ. ગીતા પટેલ, સ્મિતા મકવાણા, વિજય પરમાર, સ્નેહલ મેકવાન, અજિત પઢિયાર, કલ્પેશ ગોંસાઇ, રવિ પાઠક અને અનિલ ગામિતે ભક્તિ, સાંખ્ય, વિભૂતિયોગ, આત્મા, ભગવદ્‌ભક્ત, પુરુષોત્તમયોગ વગેરે વિષયો પર પ્રસંગોચિત વકતવ્યો આપ્યાં હતાં.

➢ **આણંદ કોમર્સ કોલેજ**ના બીબીએના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ હાલમાં યુનિવર્સિટીની શૈક્ષણિક જરૂરિયાત પ્રમાણે દક્ષિણ ગુજરાતના વાપી-સિલવાસા મુકામે ઔદ્યોગિક મુલાકાત કરી આવેલ છે. લગભગ ૫૦ વિદ્યાર્થીઓએ કામરેજ સુગર ફેક્ટરી, વસુધારા ડેરી, ક્રિષ્ણા નેટવેર, હૉટેલ રાસ રિસોર્ટ અને ગલ્ફ ઓઇલ ઇન્ડિયા લિમીટેડ જેવી અગ્રગણ્ય ઇન્ડસ્ટ્રીઝની વિધિવત મુલાકાત લઇ પોતાના શૈક્ષણિક વિષય તરીકેની માહિતી પ્રશ્નોત્તરી દ્વારા ભેગી કરેલ છે.

➢ **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ના પ્રથમ વર્ષ બી.બી.એ.ના વિદ્યાર્થીઓએ તા. ૧૯-૧૨-૦૭ના રોજ વડોદરા-જંબુસર રોડ પર આવેલ (૧) ફિલીપ્સ ઇલેક્ટ્રોનિક્સ ઇન્ડિયા લિમીટેડ (૨) ક્રોમ્પટન ગ્રીવ્સ લિમીટેડ અને (૩) ગુજરાત ગ્લાસ લિમીટેડ ઔદ્યોગિક ગૃહોની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમ્યાન ઘંઘાકીય સંચાલનના જુદા જુદા પાસાંઓ જેવા કે-ઉત્પાદન પ્રક્રિયા, ખરીદી, કાચોમાલ, ટેકનોલોજી, વેચાણ, વિકાસદર, નિકાસ, ટાઇમકીપીંગ, સિક્યુરીટી, સ્ટોર, ડીસ્પેચ વિગેરે પાસાઓનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો.

➢ **આણંદ કોમર્સ કોલેજ**ના બીબીએ ફોરેન ટ્રેડ (સ્વનિર્ભર)ના ઉપક્રમે એસ.વાય.બીબીએના વિદ્યાર્થીઓ માટે પાંચ દિવસીય ઔદ્યોગિક

એકમોની મુલાકાતનો પ્રવાસ કચ્છ-ગાંધીધામ ખાતે યોજાઇ ગયો. જેના અંતર્ગત વિદ્યાર્થીઓએ ગાંધીધામ ખાતે આવેલ સ્પેશ્યલ ઇકોનોમી ઝોન (એસ.ઇ.ઝેડ.)માં શારદા સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ, એકસપો પેકેજીંગ ઇન્ડસ્ટ્રીઝ, મેસો પરફ્યુમ ઇન્ડસ્ટ્રીઝ, પી.એસ.એલ. પાઇપ કોટીંગ ઇન્ડસ્ટ્રીઝ તથા કેસરી ઓઇલ મિલ વગેરે ઇન્ડસ્ટ્રીઝની મુલાકાત લીધી હતી. જેમાં પ્રોડકશન, હ્યુમન રીસોર્સ, માર્કેટીંગ અને એકસપોર્ટ-ઇમ્પોર્ટ વગેરેની વિસ્તૃત માહિતી મેળવી હતી. આ દરમ્યાન કચ્છમાં આવેલા મુંદ્રા પોર્ટ તથા કંડલા પોર્ટની મુલાકાત લેવામાં આવી હતી, જેમાં પોર્ટ ઓપરેશન અંગેની વિસ્તૃત માહિતી મેળવવામાં આવી હતી.

